# India-Australia-Japan-United States Senior Officials Consultations

December 18, 2020

## ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુનાઈટેડ સ્ટેટ્સનાં સીનિયર અધિકારીઓનાં પરામર્શો

ડીસેમ્બર 18, 2020

ભારતનાં વિદેશ મંત્રાલય, ઓસ્ટ્રેલિયાનાં વિદેશી બાબતો અને વ્યાપારનાં ડીપાર્ટમેન્ટ, જાપાનનાં વિદેશ મંત્રાલય અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં ડીપાર્ટમેન્ટ ઑફ સ્ટેટમાંથી સીનિયર અધિકારીઓએ 18 ડીસેમ્બર 2020 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત વાર્તાલાપ કર્યો હતો.

આ બેઠકે છેલ્લે સપ્ટેમ્બર 2020 માં યોજાયેલી આવી અધિકારીઓનાં સ્તરની ચર્ચાઓ, અને 6 ઓક્ટોબર 2020 માં ટોકયોમાં યોજાયેલી મંત્રીઓની બેઠક પર અનુસરણ કરવાની તક પ્રદાન કરી હતી. અધિકારીઓએ સામાન્ય હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિનો પ્રચાર કરવાનાં ધ્યેય સાથે આતંકવાદનો સામનો કરવો, સાયબર સુરક્ષા, મેરિટાઈમ સુરક્ષા, માનવીય અને આપત્તિ રાહત સહિત કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ તથા સુરક્ષાનાં મુદ્દાઓનાં ક્ષેત્રોમાં ચાલું અને પ્રસ્તાવિત વ્યવહારું સહકારની પણ સમીક્ષા કરી હતી.

ચાલું કોવિડ-19 વૈશ્વિક મહામારીનાં સંદર્ભમાં, અધિકારીઓએ ઝડપી અને ટકાઉ વૈશ્વિક આર્થિક રીકવરી માટે પૂરવઠા સાંકળોની સ્થિતિસ્થાપકતામાં વધારો કરવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓએ કોવિડ-19 રસીઓની સુરક્ષિત, અસરકારક અને સસ્તી સુલભતા સુનિશ્ચિત કરવાની જરૂરીયાત પર પણ પ્રકાશ પાડ્યો હતો.

અધિકારીઓએ સંયુક્ત મૂલ્યો અને સિદ્ધાંતો અને ખાસકરીને UNCLOS જેવા આંતરરાષ્ટ્રિય કાયદાનાં આદરનાં આધાર પર મુક્ત, ખુલ્લા, સમૃદ્ધ અને વિશેષ ઈન્ડો-પેસિફિક પ્રાંત તરફ તેઓની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

તેઓએ ASEAN ની વિયેતનામની અધ્યક્ષતાની પ્રશંસા કરી હતી અને આ વર્ષે નવેમ્હરમાં યોજાયેલી 15માં પૂર્વ એશિયા શિખર સંમેલનનાં પરિણામો બાબતમાં સંતોષ વ્યક્ત કર્યો હતો. અધિકારીઓએ ઈન્ડો-પેસિફિક માટે પ્રાંતિય સ્થાપત્યતામાં ASEAN-કેન્દ્રિયતા અને ASEAN-સંચાલિત યંત્રણાઓ અને ખાસ કરીને નેતાઓ-સંચાલિત પૂર્વ એશિયા શિખર સંમેલન માટે નક્કર સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું, અને ઈન્ડો-પેસિફિક માટે સામાન્ય અને આશાસ્પદ વિઝન સાકાર કરવા તરફ ASEAN અને અન્ય તમામ દેશો સાથે કાર્ય કરવાની તેઓની તત્પરતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 18, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.